

ગઈકાલે અડવાણીજીએ 'નિર્મળ ગુજરાત'ની વાત કરી, પરંતુ વરસાદ જે રીતે ખેંચાય છે તે જોતાં એવું નથી લાગતું કે નજીકના દિવસોમાં એમણે 'નિર્જળ ગુજરાત'ની વાત કરવી પડે !

## પડુસ્મા ખાતે તૃતીય પાટીદાર વિદ્યારત્ન એવોર્ડ સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

સમસ્ત પાટીદાર સમાજ ટ્રસ્ટ, સુરત અને ગાંધીનગર જિલ્લા સમસ્ત પાટીદાર સમાજના સંયુકત ઉપક્રમે તૃતીય પાટીદાર વિદ્યારત્ન એવોર્ડ સમારોહ તા. ૨૨મી જુલાઈ ૨૦૧૨ને રવિવારે સવારે ૯ કલાકે શાંતિનિકેતન શૈક્ષણિક સંકુલ, પડુસ્મા, ચરાડા-ગોઝારિયા રોડ, તા. માણસા, જિ. ગાંધીનગર ખાતે યોજાશે.

ગાંધીનગર જિલ્લાના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવા માટેના તૃતીય પાટીદાર વિદ્યારત્ન એવોર્ડ સમારોહમાં સમારંભના અધ્યક્ષ તરીકે ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાનના પ્રમુખ અનિલભાઈ પટેલ તથા આશીર્વચન આપવા પરમ પૂજય મહંત દેવપ્રસાદજી મહારાજ ખાસ ઉપસ્થિત રહેશે અને કાર્યક્રમની શોભા વધારશે.




તાલ ગરબા એન્ડ ડાન્સ ક્લાસ દ્વારા ગાંધીનગર ટાઉનહૉલ ખાતે મિસ ગાંધીનગર, માસ્ટર ગાંધીનગર અને ડાન્સ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. (તસવીર : દિપક જાની)

## ગાંધીનગર જિલ્લા પંચાયત હસ્તકના અધિકારી/ કર્મચારીઓ માટે ચેસ સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા પંચાયત હસ્તક ફરજ બજાવતાં અધિકારી/ કર્મચારીઓને જણાવવામાં આવે છે કે, ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા તારીખ ૫-૮-૨૦૧૨ના રોજ ગાંધીનગર જિલ્લા પંચાયત ખાચે ચેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. ટુર્નામેન્ટનો પ્રથમ રાઉન્ડ સવારના ૯-૦૦ કલાકથી શરૂ કરવામાં આવશે. ટુર્નામેન્ટના રાઉન્ડનો સમય બંને ખેલાડીઓને અડધો-અડધો કલાક (રેપીડ) આપવામાં આવશે. દરેક ખેલાડીએ તમામ રાઉન્ડ રમવાના રહેશે. તો આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા અધિકારી/કર્મચારીઓએ તારીખ ૩-૮-૨૦૧૨ સુધીમાં નિયત ફોર્મ ભરી રૂ. ૫૦ ટોકન ફી સાથે (નિયત ફોર્મ આ સાથે સામેલ છે) (અથવા **www.gandhinagardp.gujarat.gov.in** ઉપરથી પણ ડાઉન લોડ કરી) ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે શ્રી એન.જે. સાતુનિયા, ગુજરાતી સ્ટેનોગ્રાફર, માન. પ્રમુખશ્રી, જિલ્લા પંચાયતના કાર્યાલયમાં જમા કરાવવાનું રહેશે. આ સ્પર્ધામાં ચેમ્પિયન થનાર ખેલાડીને રૂ. ૪,૦૦૦ બીજા નંબરે આવનાર ખેલાડીને રૂ. ૨,૦૦૦ અને ત્રીજા નંબરે આવનાર ખેલાડીને રૂ. ૧,૦૦૦ રોકડ ઈનામ આપવામાં આવશે.

## ખાનગી કોલેજોમાં હજુ ૬૬ બેઠકો ખાલી

અમદાવાદ, તા. ૨૧

ડેન્ટલમાં સરકારી કોલેજોમાં ઓપન કેટેગરીની બેઠકો ભરાઇ જ્યારે ખાનગી કોલેજોમાં ૬૩૫ બેઠકો ખાલી છે. મેડીકલ અને પેરામેડીકલ પ્રવેશ કમિટી દ્વારા શહેરની બી.જે.મેડીકલ કોલેજ ખાતે ચાલી રહેલી પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત આજે મેડીકલમાં એસસી કેટેગરીની તમામ બેઠકો ભરાઇ ગઇ હતી.

હવે ફકત ખાનગી કોલેજોમાં એસીબીસી કેટેગરીની ૬૬ બેઠકો ખાલી રહી છે. ડેન્ટલમાં સરકારી કોલેજોની તમામ બેઠકો ભરાઇ ગઇ છે. જ્યારે ખાનગી કોલેજોમાં કુલ ૪૧૪ બેઠકો ખાલી છે. પ્રવેશ પ્રક્રિયા તા. ૨૮મી જુલાઇ સુધી ચાલશે. આવતીકાલે પ્રવેશ પ્રક્રિયામાં ગુજરાત બોર્ડ જનરલ કેટેગરી અને એસી કેટેગરીના વિદ્યાર્થીઓને બોલાવાયા છે.

પ્રવેશ કમિટી દ્વારા ચાલી રહેલી પ્રવેશ પ્રક્રિયા દરમિયાન આજે મેડીકલમાં એસસી કેટેગરીની તમામ બેઠકો ભરાઇ ગઇ છે. ખાનગી કોલેજોમાં એસીબીસીની ફકત ૪૧૪ બેઠકો ભરાઇ ગઇ છે. જયારે ડેન્ટલમાં સરકારી કોલેજોમાં તમામ બેઠકો ભરાઇ ગઇ છે. જ્યારે ખાનગી કોલેજોમાં હજી ૪૧૪ બેઠકો ખાલી છે. જયારે પેરામેડીકલની ફિઝીયોથેરાપીની ૮૧૦ બેઠકો, નર્સિંગની ૯૫૧ બેઠકો, આર્યુવેદની ૧૮ બેઠકો, હોમીયોપેથીકની ૮૨૨ બેઠકો, ઓપ્ટોમેટ્રીકની ૯૪ બેઠકો, ઓડીયોલોજીની ૨૧ બેઠકો, પ્રોસ્ટ્રેટીક ઓર્થોટીકની ૬ બેઠકો ખાલી છે. પ્રવેશ પ્રક્રિયા તા. ૨૮મી જુલાઇ સુધી ચાલશે. જ્યારે આવીતકાલે ગુજરાત બોર્ડના એસસી કેટેગરીના મેરીટ ક્રમાંક ૬૮૧ થી ૯૬૧ વિદ્યાર્થીઓ અને જનરલ કેટેગરી (એસીબીસી-ઓપન કેટેગરી)ના ૨૮૬૦ થી ૩૭૫૧ વિદ્યાર્થી મળી અંદાજે ૧૩૦૦ વિદ્યાર્થીઓને બોલાવવામાં આવ્યા છે. આ સાથે હાલ મેડીકલ અને પેરામેડીકલની કુલ ૩૨૦૨ બેઠકો ખાલી છે.

## મહારોજગાર ભરતી મેળો ૨૬મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

ઔદ્યોગિક તાલીમ સંસ્થા મણીનગર (વસ્ત્રાલ)ના આચાર્યએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે તા. ૨૬મી જુલાઈ-૨૦૧૨ને ગુરૂવારે સવારે ૧૦ કલાકે ઔદ્યોગિક તાલીમ સંસ્થા મણીનગર, નવી આર.ટી.ઓ. ઓફિસની બાજુમાં, મહાદેવનગર ટેકરાં વસ્ત્રાલ, અમદાવાદ ખાતે મહારોજગાર ભરતી મેળો યોજાશે.

ભારતની જાણીતી ફાર્માસ્યુટીકલ કંપનીમાં આશરે ૨૦૦ થી વધારે સંખ્યામાં ઉમેદવારોની ભરતી કરવાની હોવાથી આઈ.ટી.આઈ.ના વિવિધ વ્યવસાયો જેવા કે લેબ આસિસ્ટન્ટ, એ.ઓ.સી.પી., આર.એફ.એમ., ફીટર, એમ.એમ.સી.પી., ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનિક, વાયરમેન, ઈલેક્ટ્રીશ્યન, કોપા વગેરે ટ્રેડ પાસ અથવા ધોરણ-૧૨ પાસ હોય તેવા ૧૮ થી ૩૦ વર્ષની વય ધરાવતા ઉમેદવારોએ નિયત સમયે અને સ્થળે અચૂક ઉપસ્થિત રહેવું.

## ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ક્લાર્કની લેખિત પરીક્ષાના પ્રવેશપત્રો ટૂંક સમયમાં મળી શકશે

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગરના અધ્યક્ષ પ્રકાશ સોનીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સીધી ભરતી માટેની મંડળની જાહેરાત ક્રમાંક : ૨૧/૨૦૧૧ અન્વયે તા. ૧૮મી ઓગષ્ટ-૨૦૧૨ને શનિવારના રોજ ક્લાર્ક, ક્લાર્ક કમ ટાઈપીસ્ટની સીધી ભરતી માટેની પરીક્ષાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

લેખિત પરીક્ષા માટેના પ્રવેશ પત્રો ઓનલાઈન ડાઉનલોડ કરવા માટેની વિગતવાર જાહેરાત ટૂંક સમયમાં વર્તમાનપત્રો તથા મંડળની વેબ સાઈટ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવશે.




એએમએમાં નેકસ્ટ જનરેશન એન્ટરપ્રાઈઝનાં એક કાર્યક્રમનાં ભાગરૂપે નારાયણમૂર્ત આવ્યા હતાં અને પ્રવચન કર્યું હતું.



અક્ષયપાત્ર ફાઉન્ડેશન દ્વારા 'શ્રી ક્રિષ્ના ફેસ્ટ' નામે ઈન્ટરસ્કૂલ કલ્ચરલ કોમ્પીટિશનનું આયોજન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ફાર્મસી કૉલેજ હૉલ ખાતે કરવામાં આવ્યું હતું. (તસવીર : કમલેશ શાહ)

## એમફાર્મમાં ૪૫૭૫ પૈકી ૧૭૦૦ બેઠક ભરાઈ ગઈ

અમદાવાદ, તા. ૨૧

એડમીશન કમિટી ફોર પ્રોફેશન કોર્સીસ દ્વારા આજરોજ એમફાર્મની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેમાં ૪૫૭૫માંથી ફક્ત ૧૭૦૦ બેઠકો ભરાઈ છે. એમઈની પ્રવેશ પ્રક્રિયા ૨૩મી જુલાઈએ હાથ ધરાશે.

પ્રવેશ કમિટી દ્વારા આજરોજ હાથ ધરાયેલી એમફાર્મની ૪૫૭૫ બેઠકો માટેની પ્રવેશ પ્રક્રિયામાં જીપેટની ૪૭૫ અરજીમાંથી ૩૩૫ પ્રવેશ લીધો હતો.

જ્યારે નોનજીપેટી ૧૫૯૭ અરજીમાંથી ૧૧૧૯ પ્રવેશ લીધો હતો. જ્યારે અન્ય રાજ્યના જીપેટમાં ૪૧ અરજીમાંથી ૧૧ પ્રવેશ લીધો હતો. જ્યારે ઓન જીપેટની ૪૨૬ અરજીમાંથી ૧૪૩ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો હતો.

આમ એમફાર્મની ૪૫૭૫માંથી ફક્ત ૧૭૦૦ બેઠકો ભરાતા બાકીની બેઠકો ખાલી રહી હતી.

## રવિવારની રમૂજ

કૉલેજના ક્લાસની બારીએ એક વાંદરો આવીને બેઠો. એ જોઈને એક છોકરી બોલી : સર, તમારા ભાઈ આવ્યા.

સર : બેન, હવે જમાનો બદલાયો છે. હવે તો નામથી બોલાવાય !

★ ★ ★ ★ ★

છોકરો : તમે છોકરીઓ આટલી સુંદર કેમ હોવ છો ?

છોકરી : એ તો ભગવાન અમને એમના પોતાના હાથે બનાવે છે ને એટલે.

છોકરા : જા જા હવે. વાતો તો એવી કરે છે કે જાણે છોકરાઓને તો નેટ પરથી ડાઉનલોડ કર્યા હોય !

★ ★ ★ ★ ★

જિંદગીની સૌથી વિચિત્ર ક્ષણ કઈ છે ?

જ્યારે તમે સ્મશાનમાં હોવ અને તમારા મોબાઈલમાં રીંગ વાગે - ઈટ્સ ધ ટાઈમ ટુ ડિસ્કો !

★ ★ ★ ★ ★

શિક્ષક : ટેબલ પર ચાર માખીઓ હતી. તેમાંથી એક મેં મારી નાખી. હવે ટેબલ પર કેટલી માખી હશે ?

વિદ્યાર્થીની : એક જ. મરેલી માખી.

★ ★ ★ ★ ★

શેઠાણી : જો હું તારા ભરોસે ઘર છોડી થોડા દિવસ બહારગામ જાઉં છું. બધી ચાવીઓ અહીં જ છે. ધ્યાન રાખજે.

શેઠાણી પરત આવ્યા બાદ નોકરાણીએ કહ્યું, મેડમ હું તમારું કામ છોડું છું. તમને મારામાં વિશ્વાસ જ નથી. તમે જે ચાવીઓ મૂકી ગયા હતા તેમાંની એક પણ કબાટને લાગતી નથી !

★ ★ ★ ★ ★

નોકરિયાત : મને પગાર વધારો કરી આપો. મારી પાછળ ત્રણ કંપનીઓ પડી છે.

શેઠ : અચ્છા, કઈ કંપનીઓ છે ?

નોકરિયાત : ટેલિફોન, ઈલેક્ટ્રીક અને ગૅસ કંપની.

★ ★ ★ ★ ★

ડૉક્ટર : મોટાપાનો ફક્ત એક જ ઈલાજ છે કે તમે રોજ ફક્ત બે જ રોટલી ખાઓ.

સંતા : પણ એ બે રોટલી ખાધા પછી ખાવાની કે ખાતા પહેલા ?

★ ★ ★ ★ ★

લગ્નની રાતે બિચારો સન્તા ભારે મૂંઝાઈ ગયો કે નવી નવી પત્ની જોડે વાત શું કરવી ?

આખરે અડધો કલાક વિચાર્યા પછી એણે પૂછ્યું, 'તમારા ઘરના લોકોને ખબર છે ને કે તમે આજે રાત્રે અહીં રહેવાના છો ?'

★ ★ ★ ★ ★

દિકરી (ફોન દ્વારા) : મમ્મી, મારા હસબન્ડ જોડે મારો ઝઘડો થઈ ગયો, હું ઘરે પાછી આવું છું.

મમ્મી : તારા પતિને સુખની નહિ, સજાની જરૂર છે. તું ત્યાં જ રહે, હું તારા ઘરે રહેવા આવું છું.

★ ★ ★ ★ ★

સુંદર રાત્રી અને ભયાનક રાત્રીમાં શું ફેર ?

સુંદર રાત્રી એ કે જ્યારે તમે તમારા ટેડીબેરને બાથ ભરીને સૂઈ ગયા હોવ અને ભયાનક રાત્રી એ કે જ્યારે તમારું ટેડીબેર તમને બાથ ભરે !

★ ★ ★ ★ ★

પપ્પા : તું કેમ નાપાસ થયો ?

દીકરો : શું કરું પપ્પા ? ૫૦ જીબીનો સિલેબસ હતો ને મેં ૫૦ એમબીનો સ્ટડી કરેલો, એમાંથી પાંચ કેબીના સવાલોના જવાબ લખેલા તો માર્કસ તો બાઈટ્સમાં જ મળે ને !

★ ★ ★ ★ ★

સવારે લાઈબ્રેરી કેટલા વાગે ખૂલે ?

સાડા આઠ વાગે. પણ આટલી મોડી રાત્રે તમે કોણ છો ? અને ક્યાંથી ફોન કરો છો ?

હું એક વાચક છું અને લાયબ્રેરીની અંદરથી ફોન કરું છું.

★ ★ ★ ★ ★

પત્નીએ નવું સિમ-કાર્ડ ખરીદ્યું. પતિને સરપ્રાઈઝ આપવા માટે કિચનમાં જઈને એણે મૅસેજ કર્યો, હાય ડાર્લીંગ !

પતિનો તરત જવાબ આવ્યો, તને થોડીવારમાં ફોન કરું છું.... પેલી ડાકણ કીચનમાં છે !

★ ★ ★ ★ ★

એક બૅન્કે બન્તાને નોટિસ મોકલી, યોર બેલેન્સ ઈઝ આઉટસ્ટેન્ડીંગ.

બન્તાએ જવાબ આપ્યો, થેંક્સ ફોર ધી કોમ્પ્લીમેન્ટ્સ.

# આપણા માટે વૃક્ષોએ આટલું બધું કર્યું પણ આપણે એમના માટે શું કર્યું ?

**એક જ ખેતરની વાડીમાં એક જ સ્થળે મરચી ઉપર તમતમતાં તીખાં મરચાં થાય, બાજુમાં વાડમાં જ વેલ ઉપર તૂરાં તૂરિયાં થાય, અડખે-પડખે લીંબુડી ખાટાં લીંબુ આપે તો ખારાં ખારાં ખટૂમડાં થાય. પાસેનો આંબો મધ જેવી ગળી કેસર આપે, એની ઉપર વ્હાલસોયી દીકરી જેવી કારેલી કડવાં ગુણકારી કારેલાં આપે - છએ રસનો જાણે અન્નકૂટ !**

॥ બીજો મણકો ॥

ખુદ ભગવાન શ્રીરામે વનવાસ વખતે સૌથી વધુ સમય પંચવટીમાં વીતાવી પોતાના સાદા પ્રેમાળ દાંપત્યજીવનની કથા અને સીતાહરણ પછી સીતાશોધ માટે સીતે સીતે કહી ચોધાર આંસૂએ વનવૃક્ષોને જે પ્રશ્નો પૂછે છે તેમાં પ્રગટ થથી વિરહ-વેદનાની વ્યથા અને કથા સૌને રડાવી દે તેવી છે તો તુલસી વિવાહે શાલીગ્રામ પથ્થરમાં પ્રાણ પૂર્યા એ સતી વૃંદાની વિષ્ણુકથા, શિકારીની મૂંઝવણે અનાયાસે આખી રાત શિવલીંગ ઉપર થઈ ગયેલા બિલીપત્રોના અભિષેકે પ્રગટ થતી મહાશિવરાત્રીની ગિરનારની ગરવી કથા... વિશાળ ધરતી અને આકાશ વચ્ચે જીવન જીવતાં વૃક્ષો આપણને થાકવા નથી દેતાં, એ વૃક્ષોને ધન્ય છે.

કથાકાર પણ પાછા પડે આપે એવું જ્ઞાન;

કથા થકી ઉતારે થાક એ વૃક્ષો છે ધન્ય !

વૃક્ષો સાથેનું દેવોનું, દેવીઓનું, ખુદ ભગવાનનું તાદાત્મ્ય જોતાં ઘડીભર એવું થઈ જાય કે વૃક્ષોની સામગ્રીથી દેવો રીઝી જાય છે અને પુષ્પ, પાંદડાં, ફળનો અપાર અનુપમ આદર કરતા હોય છે ત્યારે એ જ સામગ્રી આપણા કામમાં આવતી હોવા છતાં આપણે આટલા સ્વાર્થી કેમ ? ગરજ મતલબી કેમ ? માન્યામાં નથી આવતું ને ? પણ આ રહ્યાં ઉદાહરણ - શિવલીંગ ઉપર ત્રિદલ બિલીપત્ર ચડાવો એટલે ભોળાનાથ સમજોને ભોળવાઈ જ ગયા ! ગણપતિજીને ધરો (દુર્વા) અને જાસૂદનાં ફૂલો ધરો એટલા બાપા રાજીરાજી ! આપણા દરેક મંદિરના ગોખમાં આમને-સામને રહેતા હનુમાનજીને સીધા સાદા આંકડાના પુષ્પોની માળા શનિવારે ચડાવો એટલે દાદા સીધો રોકડો જ પરચો આપી દે ! તુલસી અને કેળનાં પાન વગર તો સત્યનારાયણની કથાની કોઈ કલ્પના જ ના કરી શકે ! શીરામાં તુલસી પત્ર નાંખો એટલે મહાપ્રસાદ થઈ જાય ! મહાલક્ષ્મીજીને કમળ, મહાસરસ્વતીજીને મોગરો અને પાર્વતીજીને કેવડાનાં પુષ્પો અર્પણ કરો એટલે ધન, જ્ઞાન અને શક્તિ મળી જાય !! આવાં તો સેંકડો ઉદાહરણો શાસ્ત્રોમાં મોજૂદ છે પણ ઉપર જે જે ઉલ્લેખ કર્યો એમાંથી આપણે કેટલાં વૃક્ષો, ફૂલછોડ, વેલ જાતે વાવ્યાં ? જવાબ તો આપો ! વૃક્ષોથી વામણા આપણે સાબિત થયા, આ દેખીતો અનાદર નથી શું ? જેનો આદર ખુદ દેવો, ભગવાન-દેવીઓ કરે એનો અનાદર શું ભગવાનનો અનાદર નથી ? ભૂલ થઈ ગઈ. હવે આવું નહિ થાય. દેર આયે દુરસ્ત આયે. સુબહકા ભુલા અગર શ્યામ કો ઘર આ જાય તો વો ભુલા નહીં કહલાતા. જાગ્યા ત્યારથી સવાર. શાબાશ !

માન આપ્યા વગર અહીં નથી મળતું માન;

વૃક્ષોનો આદર કરો એવું ફેલાવી દો જ્ઞાન.

ઔષધિની દષ્ટિએ વૃક્ષો-વેલ-વનસ્પતિ-ફળો જીવતા જાગતા અને હરતા ફરતા ધરતી ઉપરના નિષ્ણાત વૈદ્યરાજો છે. કેવી રીતે ? આવો એ પણ જાણી લઈએ. રોજ એક સફરજન ખાવ અને તંદુરસ્ત થાવ એવું આજનું વિજ્ઞાન કહે છે. તુલસીનો છોડ હોય ત્યાં મચ્છરોને નો એન્ટ્રી. એટલે મેલેરિયાને સીધી નોટિસ. દૂધમાં હળદર લો એટલે કફ-ખાંસી ગાયબ. મધ બધી દવાઓના અનુપાનમાં લો તો બારેય માસ બધાને કામ લાગે. અજમો ફાકો એટલે વાયુનો સીધો નિકાલ. નાગરવેલનાં પાન ખાવ એટલે બધું હજમ. ચૈત્રમાં લીમડાનાં ફૂલનું રસપાન એટલે આખા વરસ માટે તાવનો દેશનિકાલ, મેથી ફાકો એટલે મધુપ્રમેહ નાઠો, ગળો, ગોખરૂ ને આમળાં એટલે બધાં કામ પાધરાં. ખાવ લીંબુ બધા રોગ પકડે તમ્બુ... આખું પુસ્તક તૈયાર થાય. આયુર્વેદ એનો પુરાવો છે. આપણા માટે વૃક્ષોએ આટલું બધું કર્યું પણ આપણે એમના માટે શું કર્યું ?





ઘર ઘરના વૈદ્ય બને છે આ બધાં વન;

આપણે શું કર્યું ? શરમથી ઝૂકે છે આતન !

અહો ! આશ્ચર્યમ !! અહો વૈચિત્ર્યમ્ !! આગે આગે ગોરખ જાગે ! પેલી લજામણીનો છોડ - અમથી આંગળી આડાડોને તોય નવી નવેલી નવોઢાની જેમ શરમાઈ જાય. આવું નરી આંખે જોયા પછી પણ વનસ્પતિમાં જીવ છે એ માટે આપણે જગદીશચંદ્ર બોઝ સુધી રાહ જોવી પડી. આપણને શરમ આવવી જોઈએ. ચંદનની ખુશ્બુ નાગને લલચાવે. કબીરવડ જોયા પછી બધી વિશાળતાના ભ્રમ ભાંગી જાય. વાંસ, નીલગિરીની ઊંચાઈ જોયા પછી બધું વામણું લાગે. એક ગ્રામનું ચણીબોર થાય અને પચાસ કિલોનું કોળું પણ થાય. ચણોઠીનાં ઝૂમકાં ફૂટેલાં જુઓ તો દાડમની કળી જેવા દાંતવાળી વિશ્વ સુંદરી પણ ઝાંખી પડી જાય. એક હજાર વર્ષ જીવતાં વૃક્ષોનાં વિશ્વમાં એક હજાર ઉદાહરણો છે, સૌ કૌરવો, પાંચ પાંડવો, એક દ્રૌપદીના પ્રતીકસમું ફૂલ જુઓ એટલે શ્રીકૃષ્ણનાં સાક્ષાત્ દર્શન કરતા હોય એવું લાગે. સૂરત ઊકાઈ ડેમ ઉપર આજે પણ સર્કીટ હાઉસમાં આ ફૂલો સાક્ષી પૂરે છે !!!

ખુદા તારી ધરતી ઉપર તારું છે માન;

વૃક્ષો ઉગાડીને ઉતાર્યું સૌનું અભિમાન.

એક જ ખેતરની વાડીમાં એક જ સ્થળે મરચી ઉપર તમતમતાં તીખાં મરચાં થાય, બાજુમાં વાડમાં જ વેલ ઉપર તૂરાં તૂરિયાં થાય, અડખે-પડખે લીંબુડી ખાટાં લીંબુ આપે તો ખારાં ખારાં ખટૂમડાં થાય. પાસેનો આંબો મધ જેવી ગળી કેસર આપે, એની ઉપર વ્હાલસોયી દીકરી જેવી કારેલી કડવાં ગુણકારી કારેલાં આપે - છએ રસનો જાણે અન્નકૂટ ! (અપૂર્ણ)

- પી એમ પરમાર 'દર્શન'